# અરવલ્લી એલસીબીએ લૂંટ અને ધાડના ગુનામાં સંડોવાયેલ આરોપીઓને ઝડપ્યા

મોડાસા, તા. ૪

મોડાસા અને અરવલ્લી જિલ્લ્લામાં બની રહેલ મિલ્કત સબંધી ચોરી અને લૂંટના ગુન્હા બનતા અટકાવવા તથા બનેલ ગુન્હા શોધી કાઢવા નાયબ પોલીસ અધિક્ષક મયંકસિંહ ચાવડા, ગાંધીનગર, સુચના મુજબ અને અરવલ્લી પોલીસ અધિક્ષક કે.એન. ડામોરના માર્ગદર્શન મુજબ અરવલ્લી એલ.સી.બી પી.આઈ સી.ડી. વણજારા અને એ.હે.કો શંકરજી ઘુળાજીની ટીમે એક્શન પ્લાન ઘડી ચોરી અને લૂંટના ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. એલ.સી.બી પોલીસે ચોક્કસ બાતમીના આધારે શામળાજી આશ્રમ ચાર રસ્તા પાસે ભિલોડા તરફ જતા રોડ પર ભવાનપુરાની સીમમાં વોચ ગોઠવી હતી તે દરમ્યાન રાજુ ઉર્ફે રાજકુમાર કમલેશજી અહારી રહે. બિલખ ગડાવટફળીયુ, તા. રૂષભદેવ કેશરયાજી જી. ઉદેપૂર તથા માઈકલ દિલીપભાઈ અહારી રહે. બિલખ ગડાવટફળીયુ તા. રૂષભદેવ કેશરયાજી જી. ઉદેપૂરનાઓને નંબર વગરની મહિન્દ્ર કે.યુ.વી. કાર સાથે ઝડપી પાડ્યા છે. આ અરોપીઓ પાસેથી હાથ બનાવટની પિસ્તોલ રૂ. ૧૦,૦૦૦, જીવતા કારતુસ ૪ કિમંત રૂ. ૮૦ તથા રોકડ ૧૦,૧૬૦, સોના ચાંદીના દાગીના કિ. રૂ. ૧,૦૫,૨૧૦ તથા લેપટોપ નંગ ૧ કિ. ૨૦,૦૦૦ તથા મહિન્દ્રા કે.યુ.વી. કાર મળી કુલ ૪,૪૫,૪૫૦ ના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો છે.

આ આરોપીનું પૂછપરછ દરમ્યાન અત્રેના અરવલ્લી જિલ્લાના ટીંટોઈ ગામે ૧૫ દિવસ પહેલાં બનવા પામેલ ધાડનો ગુન્હો તથા રાજસ્થાન ઉદેપુર મુકામે થયેલ લૂંટનો ગુનો શોધવા પામેલ છે. તેમજ આ અરોપીઓ રાજસ્થાન રૂષભદેવ પોલીસ તથા હિમંતનગર ટાઉન પોલીસ સ્ટેશનના ગે.કા. હથિયારના આર્મ્સ એકટના ગુન્હામાં વોન્ડેડ હોવાનું ખુલવા પામેલ છે. આ અંગે વધુ તપાસ એલ.સી.બી પી.આઈ સી.ડી. વણજારા અને તેમની ટીમે હાથ ધરી હતી.





## અરવલ્લી જિલ્લામાં ૬૨ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ સંપન્ન

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાની ૨૧, મેઘરજ તાલુકાની ૫, ભિલોડા તાલુકાની ૫, માલપુર તાલુકાની ૧૨, બાયડ તાલુકાની ૧૪ અને ધનસુરા તાલુકાની ૯ મળી કુલ ૬૨ ગ્રામ પંચાયતોના ૨૫૫ મતદાન મથકો ઉપર ચૂંટણીતંત્ર અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે રવિવારે શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થતા વહીવટીતંત્ર, ચૂંટણી તંત્ર અને પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. સરપંચ પદની ૬૨ બેઠકો માટે ૩૦૮ ઉમેદવારો અને ૨૫૧ સભ્યપદની ચૂંટણી માટે ૭૦૩ ઉમેદવારોના ભાવી મતદારોએ મત આપી ઈવીએમના હવાલે કરી દીધા હતા. ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાન કરી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

## ભાવપુરના શખ્સે આબરૂ લેવાનો પ્રયાસ કરતા ફરીયાદ

હિંમતનગર, તા. ૪

હિમતનગર તાલુકાના ભાવપુર ગામના એક શખ્સે એક યુવતીને ફોસલાવી પટાવી તેણીને ગાંભોઈ નજીક આવેલ ગેસ્ટહાઉસમાં લઈ જઈ આબરૂ લેવાનો પ્રયાસ કરતા આ યુવતીએ ભાવપુરના શખ્સ વિરૂદ્ધ ગુરૂવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. ગામની એક મહિલાએ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૨૮ જાન્યુઆરીના રોજ ગામનો જ માનાભાઈ મોઘાભાઈ વણકરે યુવતીની આબરૂ લેવાનો બદ ઈરાદો રાખી તેણીને કહ્યુ હતુ કે પેલુ શુ કર્યુ, ચાલ આપણે ગેસ્ટહાઉસમાં જઈએ તેમ કહી બિભત્સ માંગણી કરી હતી. જેથી છંછેડાયેલી આ યુવતીએ ગામના જ યુવક વિરૂદ્ધ ગુરૂવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## હિંમતનગરમાં ટાવર સર્કલથી પાંચ બત્તી વચ્ચેનો રોડ લારીઓવાળાઓએ પચાવી પાડયો

### રોડની બંને બાજુ દુકાનદારો માલનો ખડકલો કરતા હોવાથી ફૂટપાથ દેખાતી નથી

હિંમતનગર, તા. ૪

હિંમતનગરના હાર્દસમા ટાવર ચોકથી પાંચ બત્તી સુધીના રોડ પર હરહંમેશ ટ્રાફિકનું ભારણ વધુ રહે છે પરંતુ દિવસ દરમિયાન રોડની બંને બાજુ લારીઓવાળાએ અડીંગો જમાવી દીધો હોવાને કારણે જાણે કે વાહન ચાલકો માટે અહીંથી પસાર થવાનું નથી તેમ સમજી રોડને બિલકુલ સાંકડો બનાવીને દબાણ કરી માજા મુકી છે છતાં પાલિકાનું તંત્ર ભર ઉંઘમાં છે.

વાત જાણે એમ છે કે હિંમતનગરના ટાવર સર્કલથી પાંચ બત્તી થઈ રેલવે સ્ટેશન જતા રોડ પર વર્ષોથી રોડની બંને બાજુ લારીઓવાળાઓએ મફતની જમીનમાં ધંધો કરવાનું આજીવન લાયસન્સ મેળવી લીધુ હોય તેમ દિવસ ઉગે એટલે આ રોડ પર લારીઓવાળાઓનો જમાવડો શરૂ થઈ જાય છે. ઓછામાં પુરૂ ગામડાઓમાંથી આવતી શટલ રીક્ષાઓ પાર્ક કરી દેવામાં આવતી હોવાને કારણે આ રોડ પરથી પસાર થતા વાહન ચાલકો માટે નિકળવાનો પ્રતિબંધ હોય તેવુ લાગે છે.

એટલુ જ નહી પણ ટાવર સર્કલથી સંઘ રોડની પણ દશા આવી જ છે. અહી પોલીસનો પોઈન્ટ હોવા છતા ન જાણે કેમ લારીઓવાળાઓ અને રીક્ષાવાળાઓ પર પોલીસતંત્રને આંધળો પ્રેમ હોય તેમ તેઓ કશુજ કહી શકતા નથી. અથવા તો પ્રજાના માનવા મુજબ અહી હપ્તારાજ ચાલતુ હોય તો નવાઈ પામવા જેવુ નથી. નગરપાલિકાની વાત કરીએ તો પાલિકાનુ દબાણ ખાતુ નામનુ જ હોય તેમ લાગે છે દેખાવ ખાતર એક દિવસ દબાણની ગાડીઓ આવે છે અને રસ્તો ખુલ્લો કરે છે પરંતુ બીજા દિવસે પાલિકાની રેહમ નજર હેઠળ જ પાછી જૈસે થે જેવી સ્થિતિ થઈ જાય છે.

ઓછામાં પુરૂ આ રોડ પર આવેલ દુકાનદારો પણ કાયદાની પરવા કર્યા વિના તંત્રએ ફૂટપાથ જાણે કે વેપારીઓને માલ મુકવા માટે બનાવી આપ્યો હોય તેમ લાગે છે. પરંતુ એ યાદ રહે કે આખરે તો હુકમનુ પત્તુ પ્રજાના હાથમાં હોય છે જેથી સંલગ્ન વિભાગ શહેરના હાર્દ સમા વિસ્તારોની ટ્રાફીકની સમસ્યા હલ કરવામાં ઉદાસીનતા દાખવશે તો પ્રજા સ્વયંભુ આંદોલન કરવા માટે પ્રેરાશે.

## મહેસાણા જિલ્લામાં જવાહર નવોદય વિદ્યાલયની પ્રવેશ પરીક્ષા મોકુફ રખાઈ

મહેસાણા, તા. ૪

મહેસાણા જિલ્લામાં જવાહર નવોદય વિદ્યાલયની પ્રવેશ પરીક્ષા વિવિધ કેન્દ્રો પર ૧૦ ફેબ્રુઆરીના રોજ યોજાનાર હતી. જે પરીક્ષા વહીવટી કારણોસર મોકુફ રખાઈ છે. પરીક્ષાની નવી તારીખો ટુંક સમયમાં જાહેર કરાશે તેમ જવાહર નવોદય વિદ્યાલયના આચાર્ય ડૉ. વિજયકુમારની અખબારી યાદીમાં જણાવાયું છે.

## સીએસસી થરાદ દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છ ભારત પખવાડિયાની ઉજવણી

સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત સ્વચ્છ ભારત પખવાડિયાની ઉજવણી કોમન સર્વિસ સેન્ટર (ગ્રાહક સુવિધા કેન્દ્ર) થરાદ દ્વારા કરવામાં આવી હતી. જેમાં થરાદ તાલુકાના સવરાખા ગામે સફાઈ કામ હાથ ધરાયુ હતુ. જેમાં થરાદ સીએસસી સેન્ટરના વી. એલ.ઈ. નિલેષભાઈ ચૌધરી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

## ફાળવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છેલ્લા વર્ષની ફાળવણી કરતા ૭.૮૧ ટકા વધારે છે જેને વર્તમાન સમયમાં ચીન અને પાકિસ્તાન દ્વારા ઉભા કરવામાં આવેલા પડકારો વચ્ચે નહીવત સમાન ગણી શકાય છે. ગયા વર્ષની ફાળવણી ૭.૭૪ લાખ કરોડ રહી હતી. સંરક્ષણ બજેટમાં ૭.૮૧ ટકાનો વધારો સર્વિસના આધુનિકીકરણ માટે નહીંવત સમાન વધારો છે. આનો મતલબ એ થયો કે, સેનાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે વધુ પ્રમાણમાં નાણાની જરૂરિયાત દેખાઈ રહી છે.



## મોડાસા ઉમીયા પ્રાણ-પ્રતિષ્ઠામાં દાતાઓનું સન્માન

અરવલ્લી જિલ્લાના મોડાસામાં રાજરાજેશ્વરી કડવા પાટીદારની કુળદેવી શ્રી ઉમિયા માતાજીના ભવ્ય મંદિર તથા શ્રી શિવિ મંદિરના ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં મંદિર નિર્માણ અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં દાન આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. જેમાં અરવલ્લી જિલ્લા સહીત ગુજરાતમાં ભામાશા દાનવીર તરીકે જાણીતા અને ડુંગરવાડાના વતની અને અમદાવાદ ખાતે રહેતા મહાસુખભાઈ શામળભાઈ પટેલ અને તેમના ધર્મપત્નીનું ફુલહાર, શાલ અને મોમેન્ટો આપી સન્માન કર્યુ હતુ.

## હિંમતનગરના શક્તિનગરમાં ચોરી થતા ત્રણ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગરના શક્તિનગર વિસ્તારમાં આવેલી માલસામાનના ગોડાઉનમાંથી કંપનીમાં નોકરી કરતા ત્રણ કર્મચારીઓએ રૂ. ૫૩૫૨૫ની મત્તાની થોડા દિવસ અગાઉ ચોરી કરી જતા આ ત્રણેય જણા વિરૂદ્ધ ગુરૂવારે પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફરીયાદમાં જણાવ્યા મુજબ નાણાવટી એન્ડ કંપની તથા અલ્પેશભાઈની નાણાવટી પેઢીમાં નોકરી કરતા કરણપુરના પીનાકીન રમેશભાઈ વણકર, કુંપના ધવલ, ખાનાભાઈ વણકર અને માથાસુલીયાના અનિલ ઉદેસિંહ પરમારે ભેગા મળી થોડા દિવસ અગાઉ શક્તિનગરમાં આવેલ ગોડાઉમાંથી પાણીની ટાંકીઓ તથા રોલ અને અન્ય પરચુરણ ચીજવસ્તુ મળી રૂ. ૫૩૫૨૫ની ચોરી કરી ગયા હતા. દિપેશકુમાર નાણાવટીને ખબર પડતા તેમણે ગુરૂવારે પેઢીના ત્રણેય કર્મચારીઓ વિરૂદ્ધ હિંમતનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.



બામરોલી પ્રાથમિક શાળાના શિક્ષક ભાવેશભાઈ પ્રજાપતિને શ્રેષ્ઠ બી.એલ.ઓ. તરીકે શ્રેષ્ઠ કામગીરી કરેલ હોવાથી તેમનુ ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલીના વરદહસ્તે તેમનું સન્માન કરવામાં આવ્યું હતુ. ભાવેશ પ્રજાપતિ બી.એલ.ઓ. તરીકે શ્રેષ્ઠ કામગીરી કરેલ હોવાથી પાટણ જિલ્લામાં પ્રથમ અને ગુજરાત રાજ્યમાં ત્રીજો નંબર મેળવ્યો હતો. તેના લીધે તેમને રૂપિયા ૪૦૦૦નો ચેક તેમજ સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમની આ શ્રેષ્ઠ કામગીરીને બામરોલી ગામના ગ્રામજનો તથા એસ.ડી. આચાર્ય પ્રાથમિક શાળાના આચાર્ય દેવીસિંહ પરમાર તેમને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવેલ છે.

## મંદીના સંકેત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમીક્ષાની બેઠકમાં કેટલાક પગલા જાહેર કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૮ની આ છઠ્ઠી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા બેઠક છે. અટકળો અને રિપોર્ટ દર્શાવે છે કે કેન્દ્રિય બેંક તેનુ વલણ કઠોર કરી શકે છે. સરકારનુ ફિસ્કલ ડેફિસિટ ટાર્ગેટ ૩.૨ ટકાથી વધારીને ૩.૫ ટકા કરી દેવામાં આવ્યુ છે. રિટેલ ફુગાવો ડિસેમ્બરમાં ૫.૨૧ ટકાની ૧૭ મહિનાની ઉંચી સપાટી પર રહ્યો હતો. હાલમાં વ્યાજદર યથાવત રાખવામાં આવી શકે છે. બજેટ બાદ તેની અસર બજારમાં જોવા મળી શકે છે. રોકાણકારો આવતીકાલે કારોબાર શરૂ થયા બાદ કેવો પ્રતિસાદ આપશે તે બાબત ઉપયોગી રહેશે. બીજી બાજુ ત્રિમાસિક ગાળાના પરિણામ પણ જાહેર થનાર છે.

## ભવ્ય વિજય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેળવી લીધી છે. રબાડાએ રોહિત શર્માની એક માત્ર વિકેટ ઝડપી હતી. પ્રથમ વનડેમાં ૧૧૨ રન ફટકારનાર કોહલીએ શાનદાર ફોર્મ જાળવી રાખીને અણનમ ૪૬ રન ફટકાર્યા હતા. દક્ષિણ આફ્રિકા સામે સતત બે વનડે મેચો જીતીને ભારતીય ખેલાડીઓએ શાનદાર ફોર્મનો પરિચય આપી દીધો છે. શિખર ધવને આજે ૨૪મી અડધી સદી ફટકારી હતી. અગાઉ ડરબનના મેદાન ખાતે રમાયેલી પ્રથમ વનડે મેચમાં ભારતે યજમાન દક્ષિણ આફ્રિકા પર શાનદાર જીત મેળવીને છ વન ડે મેચોની શ્રેણીમાં ૧-૦ની મહત્વની લીડ મેળવી લીધી હતી.

## બેઠકમાં નિર્ણય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ મુદ્દે સંસદમાં પણ મુદ્દો ઉઠાવવામાં આવશે. મિડિયા રિપોર્ટ સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, એનડીએ સાથે ટીડીપી છેડો ફાડશે નહીં. અગાઉ મિડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, અમિત શાહે ફોન કર્યા બાદ ચંદ્રબાબૂ નાયડૂએ હળવું વલણ અપનાવ્યું હતું. અમિત શાહે મુખ્યમંત્રીને કઠોર પગલા ન લેવા માટે સલાહ આપી હતી. અરુણ જેટલી દ્વારા પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવેલા બજેટ બાદ ટીડીપીના નેતાઓએ સતત આક્ષેપ કરતા કહ્યું હતું કે, આંધ્રપ્રદેશની બજેટમાં સંપૂર્ણ અવગણના કરવામાં આવી છે.

## ખેડૂતો માટે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંશાધનોની મર્યાદાને ધ્યાનમાં લઈને તથા પ્રાપ્તિ સંસ્થાઓની મર્યાદાને ધ્યાનમાં લઈને સરકાર વ્યાજ મુકત એડવાન્સ આપવા માટે ૫૦૦ કરોડના સેન્ટ્રલ કોર્પ્સ ફંડની રચના કરવામાં આવી રહી છે. રાજ્યોને કેટલીક સ્વતંત્રતા આપવામાં આવી રહી છે. રાજ્યો દ્વારા માર્કેટમાં પ્રવેશ કરવા અને ક્યારે પાકની ખરીદી કરવામાં આવે તે અંગે નિર્ણય લેવામાં આવશે. તેમની પોતાની જાહેર ક્ષેત્રની સંસ્થાઓ મારફતે પ્રાપ્તિ શરૂ કરવાની બાબત મહત્વપૂર્ણ રહેશે. યોગ્યરીતે કોમોડિટી મેળવી લેવા અને ખેડૂતોને તકલીફ ન પડે તે માટે તમામ ખાતરી કરવાની જવાબદારી રાજ્યોની રહેશે. રાજ્યો દ્વારા આ ઓપરેશનમાં કોઈપણ પ્રકારથી નુકસાન થશે તો કેન્દ્ર સરકાર દ્વારા વળતર ચુકવવામાં આવશે. એમએસપીના ૪૦ ટકા સુધી રાહત અપાશે.

## ભારે મતદાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યો છે એટલુ જ નહિ ૧૬ વોર્ડ પૈકી ૧૫ વોર્ડમાં પણ ચૂંટણી જંગ ખેલાઈ રહ્યો છે. સઈજ ગામે વહેલી સવારથી જ મતદારોએ મતદાન માટે લાઈન લગાવી દીધી હતી. કેટલાક મતદારો તો લગ્ન સમારોહમાં જતા પહેલાં મતદાન કરવા માટે દોડ્યા હતા.

ગાંધીનગર તાલુકાના નવા ધરમપુર (ભૂંડિયા)ના સરપંચપદ માટે યોજાયેલ ચૂંટણીમાં પણ ૭૦ ટકાથી વધુ મતદાન થવા પામ્યુ છે. બપોરે બે વાગ્યા સુધીમાં ૫૦૦ મતદારોએ મતદાન કરી દીધુ હતુ. ગ્રામ પંચાયતોની આજે યોજાયેલ ચૂંટણીમાં ૧૬,૬૬૨ મતદારો નોંધાયેલા છે. જેમાં ૮૭૩૬ પુરૂષ મતદારો અને ૮૧૨૬ મહિલા મતદારો છે. આ પૈકી ૧૧૭૨૯ મતદારોએ બપોરે બે વાગ્યા સુધીમાં મતદાન કરી દીધુ હતુ. મંગળવારે આ ચૂંટણીની મતગણતરીનું કામ જે તે તાલુકા મથકે હાથ ધરવામાં આવશે. આજે શાંતિપૂર્ણ મતદાન સંપન્ન થતાં તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

સલામતી છે ખોટા દસ્તાવેજો ઉભા કરી સાચા તરીકે ઉપયોગ કરે તો ત્રણ થી સાત વર્ષની સજાની જોગવાઈ છે.

એન.આર.આઈ. ભારતીયોના લગ્નમાં વિવાદ સર્જાય તો તે લગ્ન અને તેની માન્યતા, કાયદેસરતા, છૂટાછેડા, ભરણપોષણની રકમ, બાળકોનો કબજો, મીલ્કતમાં વારસો વિગેરે જેવી બાબતો હિન્દુ મુસ્લીમ કે અન્ય રીત રીવાજ મુજબ લગ્ન થયા હોય તેને કાયદાની તમામ જોગવાઈઓ દરેક ધર્મ, જ્ઞાતીના યુવકને લાગુ પડે છે.

એન.આર.આઈ. ભારતીય પતિ-પત્ની સામાન્ય અધિકાર સાથે વિદેશમાં રહેતો હોય તો જે અધિકારો તેને મળે તે તમામ અધિકારો તેની પત્નીને મળી શકે છે. દહેજ વિરોધી અધિકારથી માંડી યુવતીની શારિરીક, માનસીક શોષણ સામે રક્ષણ મેળવવાનો અને ઘરેલું હિંસા સામે રક્ષણ મેળવવાનો, બાળકનો કબજો મેળવવાનો તથા તે લાગત સ્ત્રીઓને સામાન્ય રીતે ભારતની અદાલતોએ આપેલા ચુકાદાનો અમલ કરવાનો અધિકાર નુકશાનીનો દાવો માંડી નુકશાન વળતર મેળવવાનો અધિકાર પતિ તથા સાસરીયાની મીલ્કતમાં પોતાનો તથા પોતાના બાળકનો વારસો-ભાગ મેળવવાનો અધિકાર એકતરફી રીતે કાઢી બાળકને વિદેશ લઈ જતા રોકવાનો પત્નીને અધિકાર છે પત્નીને છે તેમજ યુવતી ભારતમા હોય અને પોતાનો પતિ ભારતમાં બીજી પત્ની સાથે લગ્નનું આયોજન કરતો હોય તો આવા લગ્ન અટકાવવા કોર્ટના વચગાળાનો મનાઈ હુકમ મેળવવાનો પણ યુવતીને અધિકાર છે.

વિદેશમાં લગ્ન કરતી વખતે યુવતીના તેના પરિવારના લીગલ ડોકયુમેન્ટ, વીઝા, વાટર કાર્ડ, જોબ કાર્ડ, રજીસ્ટ્રેશન કાર્ડ, સોશ્યલ સીકયુરીટી નંબર, ત્રણ વર્ષના ટેક્ષ રીટર્ન્સ, બેન્ક એકાઉન્ટ, શૈક્ષણિક લાયકાત, મીલ્કત ધારણ કરતા હોય તો તેના પેપર્સ વિગેરે તમામ દસ્તાવેજો યુવતીએ તથા તેના પરિવારે વગર શરમે યુવક પાસેથી લગ્ન અગાઉ માંગી વિઝા ઓફિસમાં તથા વિદેશી એમ્બેસીમાં પૂરતી તપાસ ખરાઈ કરી ત્યારબાદ જ યુવતીએ લગ્ન કરવા માટે હા પાડવી જોઈએ. લોભ લાલચ તથા વિદેશમાં વસવાટનો મોહ બાજુએ રાખી પૂરતી કાયદેસરતાની તપાસ કર્યા બાદ લગ્ન કરી પોતાના વિઝા તથા પાસપોર્ટ પોતાની પાસે જ રાખવાનો આગ્રહ રાખવો જોઈએ જેથી ભવિષ્યમાં થનાર અપરાધમાંથી સલામત રહી શકાય.

સામાજીક દરજ્જો તથા વિદેશ જવાનો મોહ કયારેક ગંભીર ઘટના આકાર લે તે કહી શકાય નહિ. ભવિષ્યની સલામતી ખાતર પણ યુવતીના માતા પિતાએ એન.આર.આઈ. યુવકની પૂરતી તપાસ કરી ભારતમાં લગ્ન રજીસ્ટ્રર કરાવી ત્યારબાદ જ વિદેશ મોકલવી જોઈએ. જે પણ એન.આર. આઈ. ભારતમાં લગ્ન કરવા આવે છે તે તમામ લોકો યુવતીઓ સાથે છેતરપીંડી કરવા જ આવે છે તેવો અર્થ પણ કરવો અર્થ હિન છે છતાં પણ કાયદો હંમેશા જાગતાને જ મદદ કરે છે તે ધ્યાન રાખવું જોઈએ.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

રાજીનામાં આપી દીધાં હતાં. જોકે, હવે ચૂંટણીમાં જનારા મેઘાલયના કૉંગ્રેસી મુખ્ય પ્રધાન મુકુલ સંગમાએ સંસદીય સચિવોનાં રાજીનામાં તો સ્વીકાર્યાં હતાં, પણ તેમની નિયુક્તિને વાજબી ઠરાવી હતી.

**ગુજરાતમાં સરકારની ભીંસ વધી રહી છે**

ગુજરાત વિધાનસભામાં ભાજપની સભ્યસંખ્યા ઘટી છે એટલું જ નહીં, કૉંગ્રેસ પક્ષ મજબૂત વિપક્ષ તરીકે ઉપસ્યો છે. સાથે જ કૉંગ્રેસમાંથી ભાજપમાં આવનાર ધારાસભ્યો કે પરાજિત ઉમેદવારોને સરકારી હોદ્દાઓની અપેક્ષા રહેવી સ્વાભાવિક છે. મુખ્ય પ્રધાનપદે નરેન્દ્ર મોદી હતા ત્યાં સુધી પક્ષના ધારાસભ્યો કે અન્ય નેતાઓ હોદ્દાઓની માગણી માટે ત્રાગાં કરવાની હિંમત કરી શકતા નહોતા. જોકે, આ વખતે નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ નાણાં ખાતું મેળવવા માટે રૂસણે બેઠા હતા. ત્રાગું કરીને નાણા ખાતું મેળવવાની જીદ પૂરી કરાવીને જ રહ્યા. એના સંકેત બીજાઓને પણ અસંતોષ માટે પ્રેરે છે. રાજ્ય પ્રધાન પરસોત્તમ સોલંકી ઉપરાંત ધારાસભ્યો સી. કે. રાઉલજી, જેઠા ભરવાડ, સહિતના તેમજ બાબુ બોખરીયા જેવા પડતા મૂકાયેલા પ્રધાનોની નારાજગી છાસવારે પ્રગટે છે. મુખ્ય પ્રધાન અસંતુષ્ટોને સંસદીય સચિવ બનાવવાની ખાતરી આપતા રહ્યા હોવા છતાં એમાંના બે જણાએ વિપક્ષનો સંપર્ક સાધ્યો ત્યારે સંસદીય સચિવ નિયુક્તિ અશક્ય હોવાનું જાણવા મળતાં અસંતોષનો ચરુ વધુ ઊકળે એવા સંજોગો નિર્માણ થયા છે.ઓછામાં પૂરું મોરવાહડફ અનુસૂચિત જનજાતિની બેઠક પર ચૂંટાયેલા મૂળ કૉંગ્રેસના અપક્ષ ધારાસભ્ય ભૂપેન્દ્રસિંહ વેચાત ખાંટ થકી કૉંગ્રેસને ટેકો અપાતાં તેમની વિરુદ્ધની સરકારી તપાસ ઝડપી બની છે.મામલો વડી અદાલતે ગયો છે.

રાજયસરકારે મોટા ઉપાડે કુતિયાણામાં જાહેર સમારંભ યોજીને નેસના રબારી-ભરવાડને બદલે નેસ બહાર વસનારાઓને મોટી સંખ્યામાં અનુસૂચિત જનજાતિનાં પ્રમાણપત્રો આપ્યાં એટલુંજ નહીં,નાયબ કલેક્ટરો અને નાયબ જિલ્લા પોલીસ વડાની જીપીએસસીની યાદીમાં આદિવાસીઓ તરીકે અડધા કરતાં વધુ આવા ઉમેદવારો પસંદ કરાયાથી મામલો ઉગ્ર બન્યો છે.આવાં ખોટાં પ્રમાણપત્રો અંગેનાં સંખ્યબંધ પ્રકરણોની તપાસ પણ સરકારે શરૂ કરવી પડી છે. એ ઉકળાટની ઝલક હમણાં રાજપીપળામાં આદિવાસીઓના કાર્યક્રમમાંથી આદિજાતિ વિકાસ પ્રધાન ગણપત વસાવાને ભગાડાયામાં જોવા મળી હતી.

**ધારાસભ્યોને ચેરમેન બનાવી ના શકાય**

ગુજરાતમાં માધવસિંહ યુગમાં પક્ષના નેતાઓને રાજી રાખવા માટે ઢગલાબંધ સરકારી બોર્ડ-નિગમો રચવામાં આવ્યાં હતાં. ધારાસભ્યોને ચેરમેનપદ અપાતાં રહ્યાં છે. સમયાંતરે પછીની સરકારો પણ એમાં સતત ઉમેરણ કરતી રહી હતી. જોકે, ધારાસભ્યોને આવાં બોર્ડ-નિગમોના અધ્યક્ષપદે નિયુક્ત કરીને સંતુષ્ટ કરવાની કોશિશ કરવા જતાં ફરીને પેલો ઑફિસ ઑફ પ્રૉફિટ અને જનપ્રતિનિધિ ધારાની જોગવાઈ મુજબ, ધારાસભ્યો ગેરલાયક ઠરે એવી શક્યતા રહે છે.નિર્ધારિત ખર્ચ મર્યાદા કરતાં વધુ ખર્ચ કરનાર ભાજપના બે ધારાસભ્યો (રાજેન્દ્રસિંહ ચાવડા-હિંમતનગર અને કુબેરસિંહ ડિંડોર-સંતરામપુર)ને માથે ગેરલાયક ઠરવાની તલવાર તો લટકી જ રહી છે. ભારત સરકાર બંધારણમાં સુધારો કરવાનું વિચારે તો ટીકા સહન કરવાનો વખત આવવા ઉપરાંત અન્ય રાજકીય પક્ષોની સરકારોને પણ એનો લાભ ખાટવાની તક મળે. દિલ્હીની 'આપ' સરકારના સત્તારૂઢ પક્ષના ૨૦ ધારાસભ્યોનાં સભ્યપદ રદ કરાવ્યા છતાં ૭૦ના ગૃહમાં 'આપ' ૪૫ ધારાસભ્યો સાથે બહુમતીમાં તો રહે જ છે એટલે કેજરીવાલને ઘેર મોકલવાની વેતરણ નિષ્ફળ રહી છે. ગુજરાતમાં હવે સંસદીય સચિવો અને ૭ થી વધુ પ્રધાનો નિયુક્ત કરવાનું લગભગ અશક્ય બન્યું છે. એમાંય બંધારણવિદ કૃષ્ણકાંત વખારિયા હવે સક્રિય થઈને વડી અદાલતમાં કાનૂની મુદ્દો ઊઠાવીને બંધારણનો ભંગ કરવા સબબ જાહેર હિતની અરજી કરવા મેદાને પડવાના હોવાનું જણાવે છે.આવા સંજોગોમાં ગુજરાતમાં છઠ્ઠીવાર સત્તા મેળવવાનો હરખ કરનાર ભાજપની મુશ્કેલીઓ વધવાનાં ચિહ્નો સ્પષ્ટ જોવા મળે છે.

- haridesai@gmail.com

## શાંતિપૂર્ણ મતદાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માંડલ અને દેત્રોજ તાલુકાના ગામોમાં ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. અમદાવાદ જિલ્લાની ૨૨ ગ્રામ પંચાયતો પૈકી ૯ પંચાયતો સમરસ જાહેર થતાં અહીં આજે ૧૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ હતી. રાજયના ૩૨ જિલ્લાઓમાં કુલ ૧૪૨૩ ગ્રામ પંચાયતો પૈકી ૨૭૦ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થતાં આજે ૧૧૫૩ ગ્રામ પંચાયતોમાં સરપંચ અને વોર્ડ બેઠકો માટેની મહત્વની ચૂંટણી યોજાઈ હતી. ૧૦૨ સરપંચોની ચૂંટણી અંશતઃ બિનહરીફ અગાઉ જ ઘોષિત થઈ ગઈ હતી, જયારે ૪૧૯૫ વોર્ડ બેઠકો પણ અંશતઃ બિનહરીફ જાહેર થઈ ગઈ હતી. રાજયના ૩૨ જિલ્લાઓના ૨૨ લાખ, ૫૧હજાર, ૮૮૪ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈ મતદાનમથકો પર પહેલેથી જ તંત્ર દ્વારા લોખંડી સુરક્ષા બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો. આ વખતની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પણ વિધાનસભાની ચૂંટણીની જેમ ઈવીએમનો ઉપયોગ કરાયો હતો. તો, આ ચૂંટણીમાં મતદારોને નોટાનો ઉપયોગ કરવાનો પણ વિકલ્પ હતો. વહેલી સવારે આઠ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી રાજયની ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન યોજાયું હતું. જે એકંદરે શાંતિપૂર્ણ અને સારા વાતાવરણમાં સંપન્ન થયું હતું. ઉલ્લેખનીય છે કે, રાજયની ૨૭૦ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ છે, તે સિવાયની પંચાયતોમાં ૧૭૫૦ સદસ્યો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે. ૧૦૨ જેટલા સરપંચ સમરસ જાહેર થયા છે તો, ૧૫ ગામો એવા હતા કે, જયાં સરપંચ પદ માટે કોઈ ફોર્મ ભરવા જ તૈયાર થયુ ન હતું. રાજય ચૂંટણી પંચના સચિવ મહેશભાઈ જોષીએ જણાવ્યું હતું કે, રાજયભરમાં આજે ગ્રામ પંચાયતોની ચૂંટણી એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ છે અને કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી. મતદારોએ ભારે ઉત્સાહ સાથે મતદાન કરતાં સાજે ચાર વાગ્યા સુધીમાં ૭૫ ટકા જેટલું ઉંચુ મતદાન નોંધાયું હતું. જે ટકાવારી પાંચ વાગ્યા સુધીના કાઉન્ટીંગ બાદ હજુ ઉંચુ જવાની પૂરી શકયતા છે.